અનુ.જાતિના લોકોને જાતિ પ્રમાણપત્રો તથા અનુ.જાતિના લાભો મળવા બાબતની માર્ગદર્શક સુચનાઓ.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: મજપ-૧૦૯૭-૨૬૬૯-જ,
તારીખ :- ૨૧-૧-૯૮

વંચાણે લીધા :-

(૧) ભારત સરકારનો અનુ.જાતિ જનજાતિ અધિનિયમ ૧૯૫૦, તા.૧૦-૮-૫૦

(૨) મુંબઈ રાજ્યના શ્રમ અને સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસસીડબ્લ્યુ-૨૦૫૦-ઈ તારીખ:-૧૨-૮-૫૮.

(૩) ભારત સરકારના શિક્ષણ અને સમાજ કલ્યાણ વિભાગના પત્ર ક્રમાંક: ૧૩-૯-૭૧ એસઓટી ૧ તા.૧૦-૬-૭૧.

(૪) શિક્ષણ અને શ્રમ વિભાગના પત્ર ક્રમાંક: સીબીસી-૧૧૭૧-૫૫૨૫૪-જ તા: ૩૦-૧૧-૭૧

(૫) શિક્ષણ અને શ્રમ વિભાગના પત્ર ક્રમાંક:સીબીઈ-૩૪૭૧-જેસેલ તા.૨૪-૧૨-૭૧

(૬) શિક્ષણ અને શ્રમ વિભાગના પત્ર ક્રમાંક: પીએમએસ-૧૦૭૨-૧૦૭૨૩૦/જ તા.૮-૬-૭૩

(૭) ગૃહમંત્રાલય(ભારત સરકાર) નો ક્રમાંક: ૩૫ એ/૭૨ આર.યુ. એસસીટીવી તા.૨-૫-૭૫

(૮) ભારત સરકારનો અનુ.જાતિ અને અનુ.જનજાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ ([illegible]) તા.૧૮-૯-૭૬

(૯) મજુર અને સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પવટ-૩૪૭૬-૬૫૪૧-જ-૧ સેલ તા.૧-૧૧-૭૬

(૧૦) ગૃહમંત્રાલય(ભારત સરકાર) ઠરાવ ક્રમાંક: બીસી-૧૨૦૨૫/૨/૭૬ એસસીટીસી-૧ તા: ૨૨-૩-૭૭

(૧૧) ગૃહ મંત્રાલય(ભારત સરકાર) ઠરાવ ક્રમાંક: ૩૯-૩૭-૭૩-એસસીટીસી ૧ તા: ૨૧-૫-૭૭

(૧૨) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક: એસસીડબ્લ્યુ-૧૦૭૭-૨૫૭૯૮-જ તા: ૨૩-૫-૭૭

(૧૩) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક: એસસીડબ્લ્યુ-૧૦૭૭-૮૬૬૦૨-જ તા: ૧-૧૦-૭૭

(૧૪) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક એસસીડબ્લ્યુ-૧૦૭૫-૮૦૧૦-જ તા: ૧૩-૧૨-૭૭.

(૧૫) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ક્રમાંક: એસસીડબ્લ્યુ-૧૦૭૭-૭૯ ૪૭૭-જ તા.૨-૩-૭૮

...૨...

(૧૬) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૭૮-૭૫૪૭-જ તા. ૩૦-૩-૭૮

(૧૭) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૭૯-૬૨૮૭-જ તા. ૧૯-૫-૭૯

(૧૮) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક: એસસીડબલ્યુ-૧૨૭૭-૩૨૪૦૬(૭૯)- જ. ૨૦-૬-૭૯

(૧૯) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક: ડીઓએમ-૧૩૭૯-પાસપોર્ટ-બી તા.૧૯-૭-૭૯

(૨૦) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ--૧૦૮૧-૧૨૯૧૩-૩૬૫-ખ તા. ૨૪-૭-૮૧.

(૨૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયનો ક્રમાંક: બીસી-૧૨૦૨૫-૪૪-૮૦-એસસીએ-ડબીસીડી I/IV ૧૦-૨-૮૨

(૨૨) ગૃહ મંત્રાલય (ભારત સરકાર) નો ક્રમાંક: બીસી-૧૨૦૧૫-૧૧-૭૯ એસસીએ-ડ-બીડીસી I/IV તા: ૨૯-૩-૮૨

(૨૩) ગૃહ મંત્રાલય (ભારત સરકાર) નો ક્રમાંક: બીસી. ૧૨૦૧૭-૧૩-૮૨ પીસીઆરસેલ તા: ૨૭-૪-૮૨

(૨૪) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૮૨-૫૯-ખ, તા.૪-૬-૮૨

(૨૫) ગૃહ મંત્રાલય (ભારત સરકાર) નો ક્રમાંક: બીસી-૧૨૦૨૫-૧-૮૨ એસસીએ-ડબીસીડી IV તા. ૨૯-૬-૮૨

(૨૬) ગૃહ મંત્રાલય (ભારત સરકાર) અ.સ.પત્ર ૧૨૦૧૬/૧૯/૮૨ એસસીએ-ડબીસીડી IV તા: ૨૫-૮-૮૨

(૨૭) ગૃહ મંત્રાલય (ભારત સરકાર) ક્રમાંક: બીસી-૧૬૦૧૪/૧/૮૨ એસસીએ-ડબીસીડી-I તા. ૧૮-૧૧-૮૨

(૨૮) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૮૨-૧૦૫૨-ખ તા. ૨૨-૧૧-૮૨

(૨૯) ગૃહ મંત્રાલય (ભારત સરકાર) ક્રમાંક: બીસી/૧૬૦૧૪/૧/૮૨ એસસીએ-ડબીસીડી I તા. ૬-૮-૮૪

(૩૦) સમાજ કલ્યાણ વિભાગનો ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૮૫- ખ, તા. ૩ ૨૬-૮-૮૫

(૩૧) સમાજ કલ્યાણ વિભાગનો ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૮૭-૯૪૭-ખ, તારીખ: - ૩૧-૮-૮૭

(૩૨) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૮૭-૮૪૬-ખ, તારીખ: -૨૭-૧૦-૮૭

(૩૩) સમાજ કલ્યાણ વિભાગના ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૮૮-૮૪૬-ખ,
તા: ૨૪-૫-૮૮

(૩૪) સમાજ કલ્યાણ વિભાગના ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૮૭-૮૪૬- ખ, તા. ૪-૩-૮૯

(૩૫) ભારત સરકારના સંવિધાન અનુ.જાતિ આદેશો (સુધારો) અધિનિયમ-[illegible]
તારીખ: -૩-૬-૯૦

(૩૬) કલ્યાણ મંત્રાલય (ભારત સરકાર) ૧૨૦૨૫-૧૪/૯૦ એસસીટી/આરસેલ/સેલ
તા: ૧૬-૮-૯૦

(૩૭) આદિજાતિ વિકાસ વિભાગનો પત્ર અજપ-૧૯૯૦-૫૮૫-ર તા: ૨૫-૧૦-૯૦

(૩૮) કલ્યાણ મંત્રાલય (ભારત સરકાર) ક્રમાંક: ૧૨૦૧૬-૨૮-૯૦-એસસીટી-
(આર સેલ) તા: ૨૦-૧૨-૯૦

(૩૯) આદિજાતિ વિકાસ વિભાગનો પત્ર ક્રમાંક: અજપ-૧૯૯૦-૧૨૭૩- ચ
તારીખ: -૨૭-૧૨-૯૦

(૪૦) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૯૧-૨૦૧- ખ
તા. ૪-૭-૯૧

(૪૧) સમાજ કલ્યાણ વિભાગનો ક્રમાંક: એસસીડબલ્યુ-૧૦૯૦-આઈ-૮૫-ખ તા. ૨૬-૧૨-૯૧

(૪૨) સમાજ કલ્યાણ વિભાગનો પરિપત્ર ક્રમાંક: પરચ-૨૦૯૩-૪૧૯૯- ખ
તા. ૧૨-૭-૯૪

(૪૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ક્રમાંક: સીએઆર.-
-૧૦૯૪-૮૯૯- ખ, તા. ૧૨-૯-૯૫

(૪૪) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ક્રમાંક:
એસસીડબલ્યુ-૧૦૯૪-૧૪૨૯- હ તા: ૬-૩-૯૭.

## પરિપત્ર

અનુસૂચિતજાતિના લોકોને જાતિ પ્રમાણપત્રો તથા અન્ય લાભો આપવા બાબતના ભારત સરકાર તથા રાજ્ય સરકારના ઉપર જણાવેલા હુકમોનું એકત્રી કરણ કરીને એક સંકલિત પરિપત્ર બહાર પાડવાનું જરુરી જણાતા ઉપર આમુખમાં જણાવેલ ઠરાવ/પરિપત્રોના સુચનાઓ સંકલિત કરીને નીચે જણાવ્યા પ્રમાણે પરિપત્ર બહાર પાડવામાં આવે છે.

આ પરિપત્રથી બહાર પાડવામાં આવેલ સુચનાઓ જે તે બાબતની માત્ર સરળ સમજુતિના હેતુ માટે છે અને તે અંગે ઉદ્ભવતી બાબતોના ચોકકસ અર્થઘટન માટે ઉપર જણાવેલ જે તે સમયના હુકમોની જોગવાઈઓ આખરી ગણવાની રહેશે.

<u>અનુસૂચિત જાતિઓની યાદી બાબત.</u>

(અ) ભારત સરકારે આમુખ-૬ થી રાજ્યવાર અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓની યાદી બહાર પાડેલ છે. આ યાદી મુજબ સૌરાષ્ટ્ર સ્ટેટ અને બોમ્બે સ્ટેટની અનુસૂચિત જાતિ/જનજાતિની યાદી આપવામાં આવી હતી. જે પાછળથી હાલના ગુજરાત રાજ્યમાં સમાવેશ કરવામાં આવેલ હતો. સૌરાષ્ટ્ર સ્ટેટમાં ૧૫ જાતિઓ અને બોમ્બે સ્ટેટમાં ૨૬ જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. (આ સાથેના પરિશિષ્ટ ૧(અ) અને પરિશિષ્ટ ૧. (બ) મુજબ).

(બ) ગુજરાત રાજ્યની પુનઃ રચના બાદ આમુખ ક્રમાંક: ૮ સામે જણાવેલ ભારત સરકારના તા. ૮-૯-૭૬ ના રોજ અનુ. જાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ બહાર પાડવામાં આવેલ છે. જેમાં કુલ ૩૦ અનુ. જાતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે. (આ સાથેના પરિશિષ્ટ ૨(અ) (અંગ્રેજી ભાષામાં) તથા પરિશિષ્ટ ૨ (બ) ગુજરાતી ભાષામાં મુજબ.)

<u>અનુ. જાતિ તરીકેના લાભો કોને મળી શકે. ?</u>

(ક) ભારત સરકારે પ્રસિધ્ધ કરેલ અનુ. જાતિઓની અદ્યતન યાદી અનુસાર નીચેના કિસ્સા મુજબ અનુ. જાતિના લાભો મળવાપાત્ર થાય છે.

(૧) આમુખમાં ક્રમાંક: ૭ સામે જણાવેલ ભારત સરકારના તા. ૨-૫-૭૫ ના પત્રની સુચના મુજબ સામાન્ય રીતે બધા કેસોમાં લાગુ પાડવા પાત્ર સુચનાઓ એટલેકે જ્યારે વ્યક્તિ જન્મથી જ અનુ. જાતિ/જનજાતિ હોવાનો હક્કદાવો કરે ત્યારે

(અ) વ્યક્તિ અને એના માતા પિતા ખરેખર હક્કદાવો કરાયેલ કોમના હોવા જોઈએ.

(બ) ભારત સરકારે બહાર પાડેલ અનુ. જાતિ/જનજાતિની યાદીમાં (સબંધિત રાજ્યો માટે ભારત સરકારે બહાર પાડેલ યાદી) હક્કદાવો કરાયેલ કોમનો સમાવેશ થયેલ હોવો જોઈએ.

(ક) વ્યક્તિ જે અંગે કોમને અનુસૂચિત કરાયેલ છે તે રાજ્યની અને તે રાજ્યના અંદરના વિસ્તારની હોવી જોઈએ.

(ડ) વ્યક્તિ અનુ. જાતિનો હોવાનો હક્કદાવો કરે તો એ કાંતો હિન્દુ કે શીખ ધર્મ પાળતો હોવો જોઈએ.

(ઈ) વ્યક્તિ અનુસૂચિત જનજાતિનો હોવાનો હક્કદાવો કરે તો એ ગમે તે ધર્મ પાળી શકે છે.

(૨) આંતરજ્ઞાતિય લગ્નના કિસ્સામાં અને આંતરજ્ઞાતિય લગ્ન કરનારના યુગલોના સંતાનના કિસ્સામાં.

(અ) આમુખ-૨ સામે જણાવેલ તા:૧૨/૮/૫૮ના ઠરાવથી ઠરાવવામાં આવેલ છે કે આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલો તથા તેમના સંતાનો ને અનુ.જાતિના લાભો મળી શકે.પરંતુ હવે ભારતસરકારે તા:૨-૫-૭૫ ની(આમુખ-૭ માં જણાવેલ)માર્ગદર્શક સુચનાઓ મુજબ આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલો પૈકી જે મુળ અનુ.જાતિના હોય તેમને જ અનુ.જાતિના લાભો મળી શકે જે અનુ.જાતિની વ્યકિત નથી તેને અનુ.જાતિના લાભો મળી શકે નહીં.

(બ) આંતરજ્ઞાતિય લગ્ન કરનારના યુગલોના સંતાનોને અનુ.જાતિના લાભ મળી શકે કે કેમ?તે બાબતે આમુખ-૧૧ સામે જણાવેલ ભારતસરકારના ગૃહમંત્રાલયના તારીખ:૨૧-૫-૭૭ ના પત્રથી કેટલાક કાનુની અભિપ્રાયો ટાંકીને વિસ્તૃત સુચનાઓ પરિપત્રિત કરેલ છે તે મુજબ આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલોના સંતાનનો જે સમાજ/વાતાવરણમાં ઉછેર થાય, જે સમાજ સ્વીકારે,તે સમાજ અનુસુચિત જાતિમાં ગણાય છે કે કેમ તે અનુસાર તે સંતાનોને લાભો આપવા કે કેમ તે વિચારવાનું રહે છે.

(ક) આમુખ-૭ માં જણાવેલ ભારતસરકારની તા:૨/૫/૭૫ ની સુચનાઓ અન્વયે સમાજકલ્યાણ વિભાગે તા:૩૧-૮-૮૭ ના રોજ આમુખ-૩૧ થી આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ તથા તેમના સંતાનોને અનુ.જાતિના લાભો મળે કે કેમ તે અંગે સુચનાઓ પરિપત્રિત કરેલ હતી તેમાં ભારત સરકારના તા:૨૧-૫-૭૭ ના પત્રથી સુચનાઓ(આમુખ-૧૧) વંચાણે લેવામાં આવેલ ન હતી.આમુખ-૧૧ માં દર્શાવેલ ભારતસરકારની તા:૨૧-૫-૭૭ની સુચનાઓ મુજબ આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલના બાળકનો જે સમાજમાં (પતિપત્ની પૈકી)ઉછેર થાય અને જે સમાજ સ્વીકારે તે સમાજ અનુસાર યથાપ્રસંગે અનુ.જાતિના ગણવાની સુચનાઓ છે.

(૩) <u>સ્થળાંતરના કિસ્સામાં:</u>

(અ) ભારતસરકારે તા:૧૭-૬-૭૧ના રોજ(આમુખ-૩) થી પરિપત્રિત કરેલ સુચનાઓ મુજબ અનુ.જાતિના ઇસમો એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતર કરે તો સ્થળાંતરના રાજ્યમાં તેમને અનુ.જાતિના લાભો મળી શકેનહિ.

આ ઇસમોને મુળ રાજ્યમાં જ અનુ.જાતિના લાભો મળી શકે. ભારત સરકારની આ સુચનાઓ અન્વયે રાજ્યસરકારના શિક્ષણ અને શ્રમ વિભાગે પણ ઉદાહરણરુપ કિસ્સાનો ઉલ્લેખ સહિત તા:૩૦-૧૧-૭૧ ના રોજ (આમુખ:૪)થી પરિપત્ર બહાર પાડેલ છે.

(બ)અનુ.જાતિની વ્યક્તિ પોતાના જ રાજ્યમાં એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં સ્થળાંતર કરે તો પણ તેને તેના મુળ જિલ્લામાંથી જ જાતિ પ્રમાણપત્ર મળી શકે.અન્ય જિલ્લામાંથી આવું પ્રમાણપત્ર મળી શકે નહીં તેવી સુચના ભારતસરકારે તા:૨૨-૩-૭૭ ના પરિપત્ર (આમુખ.૧૦) થી પરિપત્રિત કરેલ છે.

(ક)સ્થળાંતરીત રાજ્યમાં અનુ.જાતિના ઇસમોને તેઓ કયા રાજ્યના અનુ.જાતિના છે તેવું જાતિ પ્રમાણપત્ર સ્થળાંતરના જિલ્લામાંથી આપવા માટે ભારતસરકારે તા:૧૮-૧૧-૬૨(આમુખ:૨૭)થી સુચનાઓ પરિપત્રિત કરેલ છે.આ સુચનાઓ મુજબ સ્થળાંતરના રાજ્યમાં માત્ર પ્રમાણપત્ર મળી શકે,અનુ.જાતિના લાભો મળવાપાત્ર થતા નથી.

(ડ)સ્થળાંતરના રાજ્યમાં જાતિ પ્રમાણપત્રનો નમુનો ભારતસરકારે તા: ૬/૮/૮૪(આમુખ ૨૯) થી પરિપત્રિત કરેલ છે.જે અન્વયે સમાજકલ્યાણ વિભાગે પણ તા:૨૭/૧૦/૮૭ અને તા:૧૬-૧૨-૯૧ થી (આમુખ ૩૨ અને ૪૭) થી સુચનાઓ પરિપત્રિત કરેલ છે.

(૪) <u>મોચી જાતિને અનુ.જાતિમાં ગણવા બાબત.</u>

સને ૧૯૭૬ માં અનુ.જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ(આમુખ:૮)બહાર પાડવામાં આવ્યો તે પહેલાં મોચી જાતિ ફકત'ડાંગ' જિલ્લામાં અને તે વખતના સુરત જિલ્લાના 'ઉંમરગાંવ'તાલુકામાં જ અસ્પૃશ્ય ગણાતી હતી. તેથી ૧૯૭૬ પહેલાં મોચી જાતિ માત્ર 'ડાંગ' જિલ્લામાં અને સુરતના ઉંમરગાંવ તાલુકામાંજ અનુ.જાતિ તરીકે માન્યતા ધરાવતી હતી.આમ તે વખતે મોચી જાતિ માટે વિસ્તારમર્યાદા હતી,પરંતુ ભારતસરકારે આમુખ:૮ માં જણાવેલ અનુ.જાતિ/જનજાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ બહાર પાડયો તેમાં મોચી જાતિને સમગ્ર ગુજરાત રાજ્યમાં અનુસુચિત

જાતિ તરીકે ગણવાની માન્યતા આપવામાં આવી છે અને રાજ્યસરકારે આમુખ ૧૨, ૧૩ અને ૧૭ થી જરૂરી સુચનાઓ પણ પરિપત્રિત કરી છે.

(૫) ધર્માન્તર અને પુનઃધર્માન્તર કેસો:

અ) આમુખમાં ક્રમાંક ૭ સામે જણાવેલ ભારત સરકારની તાઃ૨/૫/૭૭ ના સુચનાઓ મુજબ અનુસુચિત જાતિની વ્યકિત હિન્દુ ધર્મ કે શીખ ધર્મ સિવાયના ધર્મમાં ધર્માન્તર કરે અને પછી પોતે હિન્દુ ધર્મ કે શીખ ધર્મમાં પુનઃધર્માન્તર કરે ત્યાં તેનીજ જાતિના સભ્યો પોતાનામાંના એક તરીકે સ્વીકારે તો તે પોતાની મુળ અનુસુચિત જાતિમાં પાછો ફરેલો ગણાશે.

બ) અનુસુચિત જાતિની ધર્માન્તર કરેલ વ્યકિતના વંશજની બાબતમાં હિન્દુ કે શીખ ધર્મમાં ધર્માન્તરની હકીકત જ એના પુર્વજો જેમાં હતા તે માટે હકકદાર બનાવવા માટે પુરતો નથી. તે પ્રસ્થાપિત કરવાનું રહેશે કે આવી ધર્માન્તર કરેલ વ્યકિતને હકકદાવો કરેલ જાતિમાં સભ્યોએ પોતાનામાં એક સભ્ય તરીકે સ્વીકારેલ હોય અને આમ તે એ જાતિની સભ્ય બનેલ હોય.

(૬) દત્તક વિધાનના કિસ્સામાં ( Cases of adoption )

અનુસુચિત જાતિની વ્યકિતએ /દત્તક લીધેલ બાળક/ઇસમ યથાપ્રસંગ અનુસુચિત જાતિનું ગણાય કે કેમ તે અંગે ભારતસરકારે આમુખમાં ક્રમ ૭ સામે જણાવેલ તાઃ૨/૫/૭૭ના પત્રથી નીચે મુજબ માર્ગદર્શક સુચનાઓ પરિપત્રિત કરેલ છે.

(અ) દત્તક લેવાયેલ વ્યકિતને અનુસુચિત જાતિની વ્યકિતએ દત્તક લીધેલ છે એવા કારણે દત્તક લેવાયેલ વ્યકિત અનુસુચિત જાતિ હોવાનો હકકદાવો રજૂ કરતા હોય તો એટલા માત્ર કારણથી દત્તક લેવાયેલા વ્યકિત અનુસુચિત જાતિની ગણી શકાશે નહિ પરંતુ ઉપર જણાવેલ સંજોગોમાં/ કેસોમાં જાતિનું પ્રમાણપત્ર આપતાં પહેલાં સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓએ દત્તક વિધાનની કાયદેસરતા સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત કરવી પડશે.

(૫) દત્તક લેવાયેલ વ્યકિત/ઇસમ જયાં સુધી તેઓ ખરેખર દત્તક લેવાયેલ છે એવું સબળ અને વિશ્વાસપાત્ર પુરાવા દ્વારા સ્પષ્ટપણે સાબિત ન કરે ત્યાં સુધી જાતિ પ્રમાણપત્ર આપી શકાશે નહિ અર્થાત પોતાનો હકકદાવો સાબિત કરવાનું પક્ષકારને શિરે રહે છે.

(૬) કાયદેસર દત્તક વિધાનની જરુરીયાત હિન્દુ દત્તક વિધાન અને ભરણપોષણ અધિનિયમ,૧૯૫૬ ની કલમ ૬થી ૧૧ માં આપવામાં આવેલ છે.જેના સંબંધિત ઉતારા આમુખમાં જણાવેલ (ક્રમ ૭ સામે) ભારત સરકારના તા:૨/૫/૭૭ ના પત્રમાં આપવામાં આવેલ છે તે ચકાસણી કરીને જ આવા દત્તક ઇસમને જાતિ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(૭) બૌધ્ધ ધર્મીઓને અનુ.જાતિના લાભો બાબત:

સને ૧૯૯૦ પહેલા બૌધ્ધ ધર્મી અનુ.જાતિના લોકોને અનુ.જાતિના લાભો મળતા ન હતા પરંતુ ભારત સરકારે તા:૩-૬-૯૦ થી (આમુખ ૩૫) થી અનુ.જાતિ સુધારા અધિનિયમ ૧૯૯૦ નં.૧૫ બહાર પાડી બૌધ્ધ ધર્મી અનુ.જાતિના લોકોને અનુ.જાતિના લાભો આપવાનું ઠરાવેલ છે અને ભારતસરકારે તા:૨૦-૧૧-૯૦ થી (આમુખ ક્રમાંક ૩૮) થી જરુરી સુચનાઓ પરિપત્રિત કરી હતી જે અન્વયે રાજય સરકારે આમુખ ૪૧ થી તા: ૧૬-૧૨-૯૧ના રોજ જરુરી સુચનાઓ પરિપત્રિત કરેલ છે.

(૮) સરદાર સરોવર પ્રયોજના અસરગ્રસ્તોને અનુ.જાતિના લાભો આપવા બાબત:

સરદાર સરોવર પ્રયોજના(નર્મદા યોજના)અસરગ્રસ્ત મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના અનુ.જાતિ તથા અનુ.જનજાતિના લોકો ગુજરાત રાજયમાં સ્થળાંતર કરે તો તેમને ગુજરાત રાજયમાં અનુ.જાતિના અબંધારણિક અને બંધારણિક લાભો આપવા સંબંધે સમાજકલ્યાણ વિભાગે અનુક્રમે તા: ૧૮-૭-૯૧(આમુખ ૪૦) અને ૬-૩-૯૭(આમુખ-૪૪) ના રોજ જરુરી ઠરાવ બહાર પાડેલ છે. (બંધારણિક લાભો માટે ભારતસરકારને દરખાસ્ત કરવામાં આવેલ છે).

૩ જાતિ પ્રમાણપત્ર આપવા માટે નિયત નમુના તથા જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીઓ બાબત:

(અ)આમુખમાં ક્રમ ૨૯ સામે જણાવેલ ભારતસરકારના ગૃહમંત્રાલયના તા:૬/૮/૮૪ ના પત્રથી જાતિ પ્રમાણપત્રો આપવા માટે સક્ષમ અધિકારીઓ નિયત કરવામાં આવેલ છે. તથા યથાપ્રસંગ કેવા નમુનામાં જાતિ પ્રમાણપત્ર આપવું તેના નમુના પણ નિયત કરવામાં આવેલ છે.

(બ)ભારતસરકારના ઉપર જણાવેલ તા:૬/૮/૮૪ના પત્રના અનુસંધાને યથાપ્રસંગ રાજ્યસરકારે ઉપર આમુખમાં ક્રમાંક ૩૧થી૩૪ સામે જણાવેલ ઠરાવ/પરિપત્રથી જરુરી સુચનાઓ બહાર પાડેલ છે.

(ક) જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીઓની યાદી પરિશિષ્ટ ૩ તેમજ જાતિ પ્રમાણપત્રના નમુના પરિશિષ્ટ ૪(અ)૧ અને પરિશિષ્ટ૪(અ)૨ અંગ્રેજીમાં તથા પરિશિષ્ટ ૪(બ)૧ અને ૪(બ)૨ ગુજરાતીમાં આ સાથે સામેલ છે.

૪ ✱ પછાતવર્ગના વિદ્યાર્થીઓને પેટાજ્ઞાતિને કારણે જાતિ પ્રમાણપત્રો મેળવવામાં પડતી મુશ્કેલીઓ દુર કરવા બાબત:

---

(૧) જે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની પેટા જ્ઞાતિ શાળાના જનરલ રજીસ્ટરમાં હરિજન કે આદિવાસી અથવા એવી જાતિ લખેલ હોય (દા.ત. મકવાણા,પરમાર,સોલંકી)વગેરે કે જેનાથી તેઓ ખરેખર અનુસુચિત જાતિ/જનજાતિની વ્યકિત હોવા છતાં તેનો લાભ ન લઈ શકે તો તેઓના પિતા/વાલીને પુછીને તેઓની પેટાજ્ઞાતિ બાબતમાં શાળાના રજીસ્ટરમાં તે મુજબ સુધારો કરવો જોઇએ.આ અંગેની ખરાઇ માટે વિદ્યાર્થીના પિતા/વાલી તરફથી ધારાસભ્યશ્રી,નગરપાલિકાના અનુ.જાતિના સભ્યશ્રી,ગામના સરપંચશ્રી પંચાયતના અનુ.જાતિના સભ્યશ્રીનો દાખલો રજુ કરવામાં આવે તો તેને માન્ય રાખવા અને તેઓને મળતી તમામ શૈક્ષણિક સવલતોનો લાભ આપવા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ/જિલ્લા પંચાયતના શાસનાધિકારીશ્રીઓને આમુખમાં ક્રમાંક ૬ સામે જણાવેલ રાજ્ય સરકારના તા:૮-૧-૭૩ના પરિપત્રથી વિનંતી કરવામાં આવેલ છે.આ જાતિમાં સુધારો વિદ્યાર્થીને શાળા છોડયાનું

પ્રમાણપત્રે શાળા તરફથી આપવામાં આવે તે પહેલાં થઇ જાય જોઇએ. એટલેકે એસએસસી (હાલમાં ન્યુ એસ.એસ.સી.)ની પરીક્ષા આપવા માટે ફોર્મ ભરવાની તારીખ પહેલાં આ ફેરફાર શાળાએ કરાવી લેવો જરૂરી છે.તથા વિદ્યાર્થીના પિતા/વાલી જ્યારે શાળામાં વિદ્યાર્થીને દાખલ કરાવવા આવે ત્યારે તેમની પેટાજ્ઞાતિ ખરેખર કઇ છે તેની તપાસ કરીને જ શાળાના જનરલ રજીસ્ટરમાં દર્શાવવી જોઇએ.

આ બાબતમાં જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીઓને તેમના જીલ્લાની શાળાના આચાર્યશ્રીઓને તકેદારી રાખવા સુચના આપવાનું પણ આમુખ ક્રમાંક ૬ સામે જણાવેલ તા:૮/૬/૭૩ ના પરિપત્રથી વિનંતી કરવામાં આવેલ છે.આ ઉપરાંત પછાતવર્ગના વિદ્યાર્થીઓને પેટાજ્ઞાતિની સ્પષ્ટતા ન હોવાને કારણે જો તેઓની શૈક્ષણિક સવલતો નામંજુર થયેલ હોય તો વિદ્યાર્થીના/વિદ્યાર્થીનીના પિતા/વાલી પેટાજ્ઞાતિની સ્પષ્ટતા કરે તો તેઓની જે તે વર્ષની શૈક્ષણિક સવલતો પણ મંજુર કરવા આમુખ ૬ સામે જણાવેલ તા:૮/૬/૭૩ના પરિપત્રથી સુચનાઓ આપવામાં આવેલી છે.

(૨) અનુસુચિત જાતિના પ્રમાણપત્રો આપવામાં પુરતી ચોકસાઇ રાખવા બાબત:

અનુસુચિત જાતિની ન હોય તેવી વ્યક્તિઓ પણ આવી જાતિનું પ્રમાણપત્ર મેળવે અને આ જાતિઓને મળતા લાભો મેળવે તેની સંભાવના રહે છે. જાતિનું પ્રમાણપત્ર અગત્યનો દસ્તાવેજી પુરાવો છે તેથી અનુસુચિત જાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર આપવામાં પુરતી કાળજી અને ચોકસાઇ રાખવાની આમુખમાં ક્રમ ૨૮ સામે જણાવેલ સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા:૨૨/૧૧/૮૨ના પરિપત્રથી સંબંધિત સક્ષમ અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવેલી છે.

આ ઉપરાંત પરપ્રાંતમાંથી અને સ્થળાંતર કરી વસેલા અનુ.જાતિના લોકોને અગ્રેથી જાતિ પ્રમાણપત્ર મળી શકે નહીં તેની પણ ખાસ કાળજી રાખવા સુચના આપવામાં આવેલ છે.

૧૧.

૫. સામાન્ય સુચનાઓ:-

(૧) અમદાવાદના ચીફ મેજીસ્ટ્રેટને વસવાટ હકક (Domicile) પ્રમાણપત્ર આપવાની સત્તાઓ તા:૧૧/૬/૭૪ના ઠરાવથી આપવામાં આવેલ હતી. સામાન્ય વહિવટ વિભાગએ આમુખ ક્રમાંક ૧૯ સામે જણાવેલ તેના તા:૧૯/૭/૭૯ના ઠરાવથી આ સત્તાઓ પરત લઈને આ સત્તાઓ અમદાવાદ શહેર વિસ્તારમાં પોલીસ કમિશનરશ્રીને આપેલ છે.

(૨) ભુતપુર્વ શિક્ષણ અને મજુર વિભાગે આમુખ ક્રમાંક-૫ થી તારીખ ૨૪-૧૨-૭૧ ના રોજ બહાર પાડેલ નોકરીઓમાં અનામત જગ્યાઓની સુચનાઓ મુજબ અનુ.જાતિઓ અને અનુ.જનજાતિઓના હકકદાવાની ખરાઈ કરવા માટે આવશ્યક દસ્તાવેજી પુરાવાઓનો નિર્દેશ છે જેમાં મેટ્રીકયુલેશન કે શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા નિયત કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર લક્ષમાં લેવા જણાવાયું છે.

(૩) અનુ.જાતિ/અનુ.જનજાતિના લોકોની પ્રગતિને અસરકર્તા પ્રશ્નો અંગે નોડલ વિભાગ તરીકે સમાજકલ્યાણ વિભાગ/આદિજાતિ વિકાસ વિભાગનો પરામર્શ કરવા ભારતસરકારના અનુ.જાતિ જનજાતિ રાષ્ટ્રીય આયોગના સને ૧૯૮૬-૮૭ના ૨૮મા અહેવાલની ભલામણ ક્રમાંક ૨૪ અન્વયે આમુખ:૪૩ થી તા:૧૨-૯-૯૫ ના રોજ જરુરી સુચનાઓ બહાર પાડવામાં આવી છે.

(૪) સરકારી કામકાજ પત્રવ્યવહારમાં હરિજન/ગિરિજન જેવા અપમાનજનક શબ્દોનો ઉપયોગ ન કરવા બાબતે અનુક્રમે તા:૬૦-૨-૮૨(આમુખ ૨૬) તથા ૧૬-૮-૯૦(આમુખ ક્રમાંક ૩૬) થી જરુરી સુચનાઓ પરિપત્રિત કરેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(સહી)

(વી.એમ.પરમાર)
ઉપસચિવ,
સમાજકલ્યાણ વિભાગ.

પ્રતિ,

રવાના કર્યું
તા. ... JAN 1998
સહી ...

(હસ્તલિખિત: પ્રમાણ ૨૧.૯.૯૬)

નકલ રવાના:

સચિવાલયના સર્વે વિભાગો,

નિયામકશ્રી,સમાજકલ્યાણ ખાતુ,ગુ.રા.,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર. (જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ)
તકેદારી અધિકારી (સર્વે)
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ,

સમાજકલ્યાણ વિભાગની સર્વે શાખાઓ,

સીલેક્ટ ફાઈલ.

## પરિશિષ્ટ-૧(અ)

ભારત સરકારનો તા:૧૦/૮/૧૯૫૦નો અનુસુચિત જાતિ/જનજાતિ અધિનિયમ ૧૯૫૦ મુજબ સૌરાષ્ટ્ર રાજ્યની અનુસુચિત જાતિની યાદી.

### PART XV- SAURASHTRA

Through out the State:-

1. Bawa (Dhedh)
2. Bhangi
3. Chamadia
4. Chamar
5. Dangashia
6. Garoda
7. Garmatang
8. Hadi
9. Meghwal
10. Senva
11. Shemalia
12. Thori
13. Turi
14. Turi-Barot
15. Vankar

## પરિશિષ્ટ-૧(બ)

ભારત સરકારનો તા:૧૦/૮/૧૯૫૦ નો અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ અધિનિયમ ૧૯૫૦ મુજબ બોમ્બે રાજ્યની અનુસુચિત જાતિની યાદી.

### PART III - BOMBAY

1. Throughout the State :-

1. Ager
2. Asodi
3. Bakad
4. Bhambi
5. Bhangi
6. Chakrawadya-Dasar
7. Chalvadi
8. Chambhar, or Mochigar or Samagar
9. Chena- Dasaru
10. Chuhar or Chuhra
11. Dakaleru
12. Dhegu-Megu
13. Dhor
14. Garoda
15. Halleer
16. Halsar, or Haslar, or Hulsavar
17. Holava or Garode
18. Kolcha, or Kolgha
19. Lingader
20. Machigar
21. Madig or Mang
22. Mahar
23. Mahyavanshi
24. Mangarudi
25. Meghval, or Menghwar
26. Mini Madig

## પરિશિષ્ટ- ૨-અ

ભારત સરકારનો તા.૧૮-૯-૭૬ નો અનુસૂચિત જાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ મુજબ ગુજરાત રાજ્યની અનુસૂચિત જાતિઓની યાદી.

1. Ager
2. Bakad, Bant
3. Bawa-Dedh, Dedh-Sadhu
4. Bhambi, Bhambhi, Asadaru, Asodi, Chamadia, Chamar, Chambhar, Chamgar, Haralayya, Harali, Khalpa, Machigar, Mochigar, Madar, Madig, Mochi, Nalia, Telegu Mochi, Kamati Mochi, Ranigar, Rohidas, Rohit Samgar
5. Bhangi, Mehtar, Olgana, Rukhi, Malkana Halalkhor, Lalbegi, Balmiki, Korar, Zadmalli
6. Chalvadi, Channayya
7. Chenna Desar, Holaya Dasar
8. Dangashia
9. Dhor, Kakkayya, Kankayya
10. Garmatang
11. Garoda, Garo
12. Halleer
13. Halsar, Haslar, Hulasvar, Halasvar
14. Holar, Valhar
15. Holaya, Holer
16. Lingader
17. Mahar, Taral, Dhegu Megu
18. Mahyavanshi, Dhed, Dhedh, Vankar, Maru Vankar, Antyaj
19. Mang, Matang, Minimadig
20. Mang-Garudi
21. Meghval, Meghwal, Menghvar
22. Mukri
23. Nadia, Hadi
24. Pasi
25. Senva, Shenva, Chenva, Sedma, Rawat
26. Shemalia
27. Thori
28. Tirgar, Tirbanda
29. Turi
30. Turi Barot, Dedh Barot.

## પરિશિષ્ટ ૨-બ

ભારત સરકારનો તા:૧૮/૯/૭૬નો અનુસુચિત જાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ મુજબ ગુજરાત રાજ્યની અનુસુચિત જાતિઓની યાદી.
(ગુજરાતી ભાષામાં)

૧. અગેર
૨. બાકડ,બાન્ટ
૩. બાવા-ઢેડ,ઢેડ સાધુ
૪. ભાંબી,ભાંભી,અસાદર,અસોડી, ચામડીયા,ચમાર,ચાંભાર, ચામગર,હરીલાલ્યા,હરાલી, ખાલપા,મોચીગર,મદાર, માદીગ,મોચી,ટાંમટી,મોચી, રાનીગર,રોહીદાસ,રોહીત, સામગર,નાલીયા,તેલુગુ મોચી.
૫. ભંગી,મહેતર,ઓળગણા,રુખી, મલકાણી,હલાલખોર,લાલબેગી, વાલ્મીકી,કોરાર,ઝાડમલ્લી.
૬. ચલવાદી,ચન્નાલ્યા.
૭. ચેનાદસાર,હોલાયા,દસાર
૮. ડંગશીયા
૯. ઢોર;કઠકાલ્યા,કંકલ્યા.
૧૦.ગરમાતુંગ
૧૧.ગરોડી,ગરો.
૧૨.હલ્લીર
૧૩.હલસર,હસલર,હુલ્લારવર, હલસ્વર
૧૪.હોલાર,વલ્હાર
૧૫.હોલાયા,હોલેર
૧૬.લીંગાદેર
૧૭.મહાર,તરાલ,ઢેગુમેગુ.
૧૮.માહ્યાવંશી,ઢેડ,ઢેઢ, વણકર,મારુ,વણકર, અંત્યજ
૧૯.માંગ,માતંગ,મીનીમાદીગ મનીમાકીંગ
૨૦.માંગ-ગારુડી
૨૧.મેઘવલ,મેઘવાળ, મેઘવાર.
૨૨.મુકરી
૨૩.નાડીયા,હાડી
૨૪.પાસી
૨૫.સેનવા,શેનવા,ચેનવા સેડમા, રાવત.
૨૬.શેમાલીયા
૨૭.થોરી
૨૮.તીરગર,તીરબંદા.
૨૯.તુરી
૩૦.તુરી બારોટ,ઢેઢ બારોટ.

## પરિશિષ્ટ ૩

અનુસુચિત જાતિ/જનજાતિના લોકોને જાતિ અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે સત્તા ધરાવતા અધિકારીઓની યાદી:

---

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ/નાયબ કમિશનર/કલેકટર/વધારાના નાયબ કમિશનર/નાયબ કલેકટર/પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ/સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ(પહેલા વર્ગના સવેતન મેજિસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહિ)તાલુકા મેજીસ્ટ્રેટ/કાર્યપાલક મેજીસ્ટ્રેટ.

૨. મુખ્ય પ્રેસીડેન્સી મેજિસ્ટ્રેટ/વધારાના મુખ્ય પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ/પ્રેસીડન્સી મેજિસ્ટ્રેટ.

૩. સમાજકલ્યાણ નિયામક અને જિલ્લા સમાજકલ્યાણ અધિકારી.

૪. મામલતદારથી ઉતરતી કક્ષાના નહિ એવા મહેસુલી અધિકારીઓ.

૫. ઉમેદવાર અને અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

૬. વહીવટદાર/ વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદીપ અને મિનિકોય ટાપુઓ.

૭. જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ/તાલુકા વિકાસ અધિકારીઓ.

૮. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીઓ,વર્ગ-૧.

૧૮.
પરિશિષ્ટ-૪(અ) - ૧

**GOVERNMENT OF GUJARAT**
Form of Caste Certificate
for Scheduled Castes from Gujarat,

This is to certify that Shri/Shrimati/ Kumari......................
..............................Son/Daughter of.......................

Village/ Town................ .............in district /

Division.................. of the State of Gujarat belongs

to the ...................Caste , which is recognised as a

scheduled caste under :-

The Constitution(Scheduled Castes) Order, 1950

(As amended by the Scheduled Castes and Scheduled Tribes Lists(Modification), order 1956, the Bombay Re-organisation Act, 1960 and the Scheduled Castes and Scheduled Tribes Orders,(Amendment) Act, 1976)

-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-

Signature.....................

Designation...................

With seal of office

Place:

Date:

Please delete the words which are not applicable.

List of authorities empowered to issue scheduled Caste Certificates

1. District Magistrate/ Additional District Magistrate/ Collector Assistant/ Deputy Collector/stipendary Magistrate/ City Magistrate/Sub-Divisional Magistrate/ Taluka Magistrate/ Executive Magistrate.
2. Revenue Offices not below the rank of Mamlatdar.

પરિશિષ્ટ-૪(અ.૨

Government of Gujarat,
who have migrated from one State/ Union
Territory Administration to Gujarat.

Form of Caste Certificate
for Scheduled Caste persons.

This is to certify that Shri/Shrimati/ Kumari.................
..............................son/Daughter of..........................
.........................of village/ town...............................
in district/ Division............................of the State of
Gujarat belong to the Scheduled Caste, which is recognised as
as a Scheduled Caste under:-

@ The Constitution,(Scheduled Castes) Order 1950

@The Constitution,(Scheduled Castes),(Union Territories),
order, 1951.

(As amended by the Scheduled Castes and Scheduled Tribes Lists (Modification) Order, 1956 the Bombay Reorganisation Act,1960, the Punjab Reorganisation Act,1966 the State of Himachal Pradesh Act, 1970, the North Eastern Areas(Reorganisation) Act,1971, and the Scheduled Castes and Scheduled Tribes Orders(Amendment) Act,1976)

@ The Constitution(Jammu & Kashmir)Scheduled Castes Order,1956.

@ The Constitution(Pondicherry) Scheduled Castes order, 1964

@ The Constitution(Goa, Daman & Diu)Scheduled Castes Order,1968

@ The Constitution(Sikkim) Scheduled Castes Order,, 1978.

-.-.-.-.-.-.-.-.-; .-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-

This certificate is issued on the basis of the
Scheduled Caste Certificate issued to Shri/Shrimati.............
......................Father/ Mother of Shri/ Shrimati
Kumari.........................of village / Town..................
in district/ Division......................of the State/ Union
Territory................................who belongs

to the ..........................Caste which is recognised as a Scheduled Caste in the State/ Union Territory................. issued by the .........................(Name of prescribed authority) vide their No..................dated..............

3. Shri/ Shrimati/ Kumari.................................. and/ or his/ her Family ordinarily resides(s) in village/ Town ..................of.................district/ Division of the State og Gujarat.

Signature.......................

Designation.......................

( with seal of Office)

Place:

Date:

* Please delete the words which are not applicable.

% Delete the paragraph which is not applicable.

** List of authorities empowered to issue Scheduled Caste Certificates.

1.. District Magistrate/ Additional District Magistrate/ Collector/ Assistant Deputy Collector/ Stipendiary Magistrate/ City Magistrate/ Sub-Divisional Magistrate/ Taluka Magistrate/ Executive Magistrate.

2. Revenue Officers not below the rank of Mamlatdar.

પરિશિષ્ટ ૪(અ-૧)

ગુજરાત સરકાર
ગુજરાતની અનુસુચિત જાતિઓ માટે જાતિ
અંગેના પ્રમાણપત્રનો નમુનો.

- - - - - - - - - - - - - - - - - - - - - -

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી/શ્રીમતિ[x]/કુમારી[x]/

ઉ..............................શ્રી......................

ના પુત્ર[x]/પુત્રી રહેવાસી..................ગામ[x]/નગર[x]............

જિલ્લો/વિભાગ જેઓ બંધારણના (અનુસુચિત જાતિઓ) હુકમ-૧૯૫૦ હેઠળ ગુજરાત રાજ્યમાં અનુસુચિત જાતિ તરીકે માન્ય કરેલ જાતિ પૈકી................ જાતિના છે. (અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓની યાદીઓ અને ૧૯૫૬ના (રુપાંતરીત) હુકમથી સને ૧૯૬૦ ના મુંબઈ નવેસરથી ઘડવામાં આવેલ કાયદાથી સને ૧૯૭૬ ના અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓના સુધારેલા હુકમથી સુધારવામાં આવીછે.)

સ્થળ................ સહી................

તારીખ.......... હોદ્દો...........

(કચેરીના સિકકા સહિત)

x જે શબ્દો લાગુ ન પડતા હોય તે છેકી નાંખવા.

xx જે અનુસુચિત જાતિ અંગેનું પ્રમાણપત્ર આપવા માટેના સત્તાધિકારીઓની યાદી.

૧. જીલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જીલ્લા મેજીસ્ટ્રેટ/કલેકટર/મદદનીશ/નાયબ કલેકટર/સવેતન મેજીસ્ટ્રેટ/સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ/તાલુકા મેજીસ્ટ્રેટ/કારોબારી ન્યાયાધીશ.

૨. મામલતદારની કક્ષાથી નીચેના નહીં એવા મહેસુલી અધિકારીઓ.

પરિશિષ્ટ-(ગ)

ગુજરાત સરકાર

અન્ય રાજ્ય/સંઘ પ્રદેશમાંથી ગુજરાતમાં સ્થળાંતર કરીને આવેલી અનુસુચિત જાતિની વ્યકિતઓને માટે જાતિ અંગેના પ્રમાણપત્રનો નમુનો:-

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતિ/કુમારી

.......................................................

શ્રી.........................ના પુત્ર/પુત્રી ગુજરાત રાજ્યના

ગામ/નગર .......................જિલ્લો/વિભાગના રહેવાસી

છે અને તેઓ.................... જાતિના છે.તેઓ જે જાતિના

છે તે જાતિને ભારતના બંધારણ(અનુસુચિત જાતિ)હુકમ-૧૯૫૦ તથા ભારતના બંધારણ(અનુસુચિત જાતિ) (સંઘ પ્રદેશ)હુકમ ૧૯૫૧ હેઠળ (સને ૧૯૫૬ ના હુકમથી અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓની સુધારેલી ફેરફાર કરેલી યાદીઓ મુંબઈ (પુનરચના)ધારો,૧૯૬૦ પંજાબ પુર્નરચના ધારો/૧૯૬૬ હિમાચલ પ્રદેશ ધારો,૧૯૭૦ ઉત્તર-પુર્વ વિસ્તારો(પુર્નરચના)ધારો,૧૯૭૧ અને અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓ હુકમો સુધારો)ધારો,૧૯૭૬ પ્રમાણે સુધાર્યા મુજબ)ભારતના બંધારણ(જમ્મુ અને કાશ્મીર)અનુસુચિત જાતિઓ હુકમ ૧૯૫૬ ભારતના બંધારણ (પોંડિચેરી)અનુસુચિત જાતિઓ હુકમ ૧૯૬૪ ભારતનું બંધારણ (ગોવા,દમણ અને દિવ)અનુસુચિત જાતિઓ હુકમ ૧૯૭૮ થી અનુસુચિત જાતિ તરીકે માન્ય કરવામાં આવેલ છે.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે,શ્રી/શ્રીમતિ/કુમારી/

....................................શ્રી.................

ના પુત્ર/પુત્રી રહેવાસી........................ગામ/નગર..............

જિલ્લો/વિભાગ જેઓ બંધારણના(અનુસુચિત જાતિઓ)હુકમ-૧૯૫૦ હેઠળ ગુજરાત રાજ્યમાં અનુસુચિત જાતિ તરીકે માન્ય કરેલ જાતિ પૈકી............... જાતિના છે.(અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓની યાદીઓ અને ૧૯૫૬ના(રુપાંતરીત)હુકમથી સને ૧૯૬૦ ના મુંબઈ નવેસરથી ઘડવામાં આવેલ

કાયદાથી અને ૧૯૭૬ના અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિઓના સુધારેલા હુકમથી સુધારવામાં આવી છે).

સ્થળ................ સહી...................

તારીખ.............. હોદ્દો..................

(કચેરીના સિક્કા સહિત)

* જે શબ્દો લાગુ ન પડતા હોય તે છેકી નાખવા.

** જે અનુસુચિત જાતિઓનું પ્રમાણપત્ર આપવા માટેના સત્તાધિકારીઓની યાદી.

૧. જીલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જીલ્લા મેજીસ્ટ્રેટ/કલેક્ટર/મદદનીશ/નાયબ કલેક્ટર/વેતન મેજીસ્ટ્રેટ/સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ/તાલુકા મેજીસ્ટ્રેટ/કારોબારી ન્યાયાધીશ.

૨. મામલતદારની કક્ષાથી નીચેના નહીં એવા મહેસુલી અધિકારીઓ.